રાજયનો સરકારી જાહેર હોદ્દો
ધરાવનાર જાહેરસેવકો વિરુદ્ધ
પોલીસ ફરિયાદ નોંધવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક : વસફ/૧૮૨૦૧૫/ઓડી-૬/ન
સચિવાલય, ગાંધીનગર
**તા. ૧૯/૦૩/૨૦૧૬**

વંચાણે લીધા :-(૧) ગૃહ વિભાગના તા.૦૨/૦૨/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક:વસફ/૧૮૨૦૧૫/ઓડી-૬/ન
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગાંધીનગરનો તા.૧૧/૧૨/૨૦૧૩નો સ્થાયી હુકમ નંબર ૦૧/૨૦૧૩, ક્રમાંક: જી-૧(ક્રાઇમ)/ટે-૧/યાદી/૩૫૦૫/૨૦૧૩
(૩) ગૃહ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક:વસફ/૧૦૨૦૧૫/૭૨૧૦/ડ

**પરિપત્ર:**

ઉપર વંચાણમાં લીધેલ ક્રમ – (૧) આગળના ગૃહ વિભાગના તા.૦૨/૦૨/૨૦૧૬ના પરિપત્રથી, રાજયના જાહેર સેવકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવાના કિસ્સામાં, પોલીસે તુરત જ એફ.આઇ.આર. નોંધવી નહીં, પરંતુ સરકારી અમલદાર વિરુદ્ધ ખરેખર પ્રાથમિક દ્રષ્ટિએ તેઓએ કોગ્નીઝેબલ ગુનો કરેલ છે કે કેમ, એ બાબતે એફ.આઇ.આર. નોંધતા પહેલાં પુરતી ચકાસણી કરવા, સર્વે સંબંધીતોને જણાવવામાં આવેલ છે.

૨.૦ આ બાબતે સરકારશ્રી દ્વારા પુન: વિચારણા કરી ઉપર વંચાણમાં લીધેલ ક્રમ- (૧) આગળના પરિપત્રમાંની ઉકત સૂચનાઓમાં ફેરફાર કરી, હવે નીચે મુજબની સૂચનાઓ આપવામાં આવે છે.

" સરકારી જાહેર હોદ્દો ધરાવનાર અધિકારી-કર્મચારી વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવાના કિસ્સામાં, નામદાર સુપ્રિમ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા રિટ પીટીશન (ક્રીમીનલ) નંબર ૬૮/૨૦૦૮, લલિતા કુમારી વિરુદ્ધ ઉત્તરપ્રદેશ સરકારના કેસમાં ફરિયાદ નોંધવા બાબતે અપાયેલ માર્ગદર્શક સૂચનાઓને અનુલક્ષીને, ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૨) આગળના પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજયના તા.૧૧/૧૨/૨૦૧૩ ના સ્થાયી હુકમ ક્રમાંક:-૦૧/૨૦૧૩ થી અપાયેલ સૂચનાઓ તથા ઉપર વંચાણે લીધેલ ક્રમ-(૩) આગળના આ વિભાગના તા.૦૬/૦૨/૨૦૧૬ના પરિપત્રમાંની સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવાની રહેશે. "

૩.૦ ઉકત સૂચનાઓનુ ચૂસ્તપણે પાલન કરવા સંબંધિત તમામને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(આશિષ વાળા)
નાયબ સચિવ
ગૃહ વિભાગ

**પ્રતિ,**

- માન.મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (કાયદો અને વ્યવસ્થા), પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
- સર્વે પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ
- ગૃહ વિભાગના સર્વે ખાતાના વડાશ્રીઓ
- ગૃહ વિભાગના સર્વે સંયુકત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી / ઉપસચિવશ્રી
- ગૃહ વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઈલ

રાજ્યનો સરકારી જાહેર હોદ્દો
ધરાવનાર જાહેરસેવકો વિરુદ્ધ
પોલીસ ફરિયાદ નોંધવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંક : વસફ/૧૮૨૦૧૫/ઓડી-૬/ન
સચિવાલય, ગાંધીનગર
તા.૦૨/૦૨/૨૦૧૬

## પરિપત્ર:

રાજ્ય સરકારની સેવા સ્વીકારી પ્રવૃત્ત થયેલ જાહેરસેવકો દ્વારા તેમને મળેલ સત્તાની રૂએ જે તે કાયદાની જોગવાઇઓની મર્યાદામાં રહી પોતાની ફરજોના ભાગરૂપે જ્યારે પણ સરકારપક્ષે સરકારશ્રીના હિતને ધ્યાને લઇ કોઇ કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે, ત્યારે આવી કામગીરીથી નારાજ થઇ સંબંધિત વ્યક્તિ દ્વારા અમુક સમયે આવા રાજ્યસેવકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવે છે, અને ચાર્જશીટ અથવા ફાઇનલ રિપોર્ટ રજૂ થાય છે, ત્યારે રાજ્યસેવકો સામે એફ.આઇ.આર. નોંધવાની સાથે જ તેની સંપૂર્ણ માહિતી વર્તમાન પત્રોમાં આવે છે, જેના કારણે તેમના મનોબળ પર પ્રતિકૂળ અસર પડે છે, અને સરકારશ્રીની છબી ખરડાય છે, તેના ફળસ્વરૂપે આવા રાજ્યસેવકો તેમની ફરજો પ્રત્યે ઉદાસીનતા સેવે છે, અને નિષ્પક્ષપણે કાર્યવાહી હાથ ધરવામાં નિરુત્સાહ બને છે. આવા બનાવો બનતા અટકાવવા અને તેનો હકારાત્મક ઉકેલ આવે તે જોવા સરકારશ્રી કટીબદ્ધ છે.

ઉક્ત વિગતો ધ્યાને લેતાં, સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે રાજ્યનો સરકારી જાહેર હોદ્દો ધરાવનાર જાહેરસેવકો વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધવાના કેસોમાં સંબંધિત સર્વેને નીચે મુજબની કાર્યવાહી હાથ ધરવા જણાવવામાં આવે છે.

જ્યારે પણ સરકારી જાહેર હોદ્દો ધરાવનાર સરકારી અમલદાર દ્વારા કોઇપણ વ્યક્તિ વિરુદ્ધ યોગ્ય કાયદાકીય પગલાં લેવામાં આવે અને આવા વ્યક્તિ દ્વારા સંબંધિત પોલીસનો સંપર્ક સાધી સરકારી અમલદાર વિરુદ્ધ એફ.આઇ.આર. (FIR) નોંધાવવાનો આગ્રહ રાખવામાં આવે ત્યારે પોલીસે તુરત જ એફ.આઇ.આર. (FIR) નોંધવી નહીં, પરંતુ જે તે કેસની સંપૂર્ણ વિગતોની પૂરતી ચકાસણી કર્યા બાદ જ કાયદાનુસારના યોગ્ય પગલાં લેવાના રહેશે.

આથી રાજ્યનો સરકારી જાહેર હોદ્દો ધરાવનાર જે તે સરકારી અમલદાર વિરુદ્ધ ખરેખર પ્રાથમિક દૃષ્ટિએ તેઓએ કોગ્નીઝેબલ ગુનો કરેલ છે કે કેમ, એ બાબત એફ.આઇ.આર. (FIR) નોંધતા પહેલાં પૂરતી ચકાસણી કરી લેવા આથી સંબંધિત સર્વેને જણાવવામાં આવે છે, અને જેનું ચૂસ્તપણે પાલન કરવા તમામને સૂચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

(ડૉ.જયશંકર ઓધવાણી )
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી (ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, (કાયદો અને વ્યવસ્થા), પોલીસ ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
- સર્વે રેન્જ પોલીસ મહાનિરીક્ષકશ્રી
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ, (વેસ્ટર્ન રેલ્વે-વડોદરા સહિત)
- ગૃહ વિભાગના સર્વે ખાતાના વડાશ્રીઓ
- ગૃહ વિભાગના સર્વે સંયુક્ત સચિવશ્રી/ નાયબ સચિવશ્રી / ઉપસચિવશ્રી
- ગૃહ વિભાગની સર્વે શાખાઓ
- ગૃહ વિભાગ હસ્તકના સર્વે બોર્ડ/ નિગમ
- સિલેક્ટ ફાઇલ

# પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીની કચેરી,
## ગુ.રા., સેક્ટર-૧૮, ગાંધીનગર.

જીસ્વાન/ફેક્સ                    ક્રમાંક : જી-૧(ક્રાઇમ)/ટે-૧/યાદી/ ૩૫૦૫ /૨૦૧૩

ગૃહ વિભાગ તા. ૧૮-૧૨-૨૦૧૩

IWDMS No. ૬૬૬૭૨

**સ્થાયી હુકમ નંબર : ૦૧/૨૦૧૩**

વિષય :. પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધવા/દાખલ કરવા અંગે.

વંચાણે લીધા : (૧) નામદાર સુપ્રિમ કોર્ટ રિટ પીટીશન(ક્રિમીનલ) નંબર ૬૮/૨૦૦૮ તા. ૧૨/૧૧/૨૦૧૩ નો ચુકાદો અને તેમાં જણાવેલ માર્ગદર્શક સિધ્ધાંતો.

(૨) સરકારી વકીલશ્રી અને પબ્લીક પ્રોસીક્યુટર, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદના તા. ૧૬/૧૧/૨૦૧૩ નો પત્ર.

ઉપરોક્ત વિષય તથા હવાલા અન્વયે સવિનય જણાવવાનું કે, નામદાર સુપ્રિમ કોર્ટની બંધારણીય બેંચ દ્વારા રિટ પીટીશન(ક્રિમીનલ) નંબર ૬૮/૨૦૦૮ લલીતાકુમારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ ઉત્તરપ્રદેશના કેસમાં તા. ૧૧/૧૨/૨૦૧૩ના રોજ પોલીસ સ્ટેશનો ખાતે ફરીયાદ નોંધવા બાબતે મહત્વનો ચુકાદો આપેલ છે. જે અન્વયે સરકારી વકીલશ્રી, ગુજરાત હાઇકોર્ટ નાઓને તેમના વંચાણે લીધા પત્ર – ૨ થી નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદામાં જણાવેલ માર્ગદર્શક સિદ્ધાંતોનો ચુસ્ત પણે પાલન કરવા જણાવેલ છે.

ઉક્ત બાબતે અત્રેની કચેરીના યાદી પત્ર ક્રમાંક : જી-૧(ક્રાઇમ)/ટે-૧/યાદી/૨૨૯૮/૨૦૧૩ તા. ૦૯/૦૭/૨૦૧૩ થી આપેલ સુચનાઓ ની સાથે નામદાર સુપ્રિમ કોર્ટ તરફથી આપેલ નીચે જણાવેલ નિર્દેશો બાબતે ચુસ્ત અમલવારી કરવા/કરાવવા વિનંતી છે.

(i) જ્યારે કોઇ ગુન્હો કોગ્નીઝેબલ બનતો હોય અથવા તો આ પ્રકારની માહિતી જ્યારે પોલીસ સ્ટેશનમાં આવે ત્યારે આવી માહીતીના આધારે એફ.આઇ.આર. નોંધવી ફરજીયાત છે. જ્યા ગુન્હાની માહિતી કોગ્નીઝેબલ ઓફેન્સ(ગુન્હો) થતો હોય, એટલે કે ગુન્હા અંગેની માહીતી એવી હોય કે તે માહિતી કોગ્નીઝેબલ ગુન્હો દર્શાવતી હોય ત્યારે તેવા કેસમાં કોઇ જ પ્રાથમિક તપાસ કરવાની જરૂર નથી. અને તેવા ગુન્હામાં પ્રાથમિક તપાસ કરવી નહી પરંતુ તે ગુન્હાની તાત્કાલીક નોંધ કરવી.

(ii) જ્યારે કોઇ ગુન્હા અંગેની માહીતી કોગ્નીઝેબલ ગુન્હો જાહેર કરતી ન હોય અને તે માહિતી અંગે તપાસ કરવાની જરૂર જણાય ત્યારે તેવા સંજોગોમાં પ્રાથમિક તપાસ કરવી જોઇએ અને આ પ્રાથમિક તપાસ એટલા વિષય પુરતી જ કરવાની રહેશે કે તે ગુન્હા અંગેની માહિતી કોગ્નીઝેબલ ગુન્હો જાહેર કરે છે કે નહી.

(iii) જો આ પ્રકારની તપાસમાં કોગ્નીઝેબલ ગુન્હો બન્યો છે તેવુ દર્શાવતી હોય ત્યારે તેવા ગુન્હા અંગે એફ.આઇ.આર. તુરંત જ નોંધવી. જો આવી તપાસને અંતે એવુ જણાય છે કે કોઇ કોગ્નીઝેબલ ગુન્હો બન્યો નથી અને તેથી આ ફરીયાદ અંગે આવેલી માહીતીનુ કોગ્નીઝન્સ લેવુ જરૂરી નથી. ત્યારે તેવા સંજોગોમાં જે વ્યક્તિએ આ ગુન્હાની માહિતી મોકલાવેલ છે તેને આ ફરીયાદ અન્વયે કરેલી

ઇન્કવાયરીના અંતે આ ચેપ્ટર બંધ કરેલ છે તેવી માહિતી મોકલવાની રહેશે. આ અંગેની એન્ટ્રી ક ફરીયાદીને તુરંત જ એક અઠવાડીયાથી મોડા નહી તેટલા સમયમાં જાણ કરવાની રહેશે.

આ રીપોર્ટમાં આવી ફરીયાદ શા માટે આગળ વધારવામાં આવી નથી અને તેને ક્લોઝ(બંધ) કરવામાં આવી છે તે અંગેના અને તેને શા માટે ક્લોઝ(બંધ) કરવામાં આવી છે તેના ટુંકા કારણ ફરીયાદીને જણાવવાના રહેશે.

(iv) જ્યારે કોઇ કોગ્નીઝેબલ ગુન્હો બને છે ત્યારે પોલીસ ઓફીસર આવી ફરીયાદ નોંધવા કાયદાથી બંધાયેલ છે અને તેઓ આવી ફરીયાદ નહી નોંધી તેમની ફરજમાંથી છટકી શક્તા નથી. યોગ્ય સત્તાધિકારીઓએ આવા કસુરદાર પોલીસ ઓફીસર કે જેને ફરીયાદ કોગ્નીઝેબલ ગુન્હો બને છે તે દર્શાવતી હોય છતા પણ જો જે તે પોલીસ અધિકારીએ આવી ફરીયાદ નોંધી નહી હોય તો તેવા કસુરવા પોલીસ અધિકારી સામે જરૂરી પગલા લેવાના રહેશે.

(v) પ્રાથમિક તપાસનો(સ્કોપ) કાર્યક્ષેત્ર માત્ર એટલો પુરતો રહેશે, એટલે કે પોલીસ અધિકારીએ એટલી જ તપાસ કરવાની રહેશે કે તેમની પાસે આવેલી માહીતી કોગ્નીઝેબલ ગુન્હો બને છે કે નહ પોલીસ અધિકારીએ ફરીયાદીએ આપેલી આ માહીતીની સચ્ચાઇ અથવા તો તેની યોગ્ય કે અન્ય વિષયોમાં જવાની જરૂરી નથી. ફરીયાદ નોંધતાં પહેલા કેવા પ્રકારના ગુન્હાઓમાં પ્રાથમિક તપાસ કરવ જરૂરી છે. તે દરેક કેસમાં સંજોગો પર આધારીત રહેશે.

નીચે પ્રમાણેના કેસોમાં ફરીયાદ નોંધતા પહેલા પ્રાથમિક તપાસ કરવી હોય તો કરી શકાશે.

(A) લગ્ન વિષયક બાબતોની તકરારો/કૌટુબિક તકરારો.

(B) વેપાર અને વાણીજ્ય વિષયને લગતા ગુન્હાઓ.

(C) મેડીકલ/ડોકટરની બેદરકારીને લગતા કેસો.

(D) ભ્રષ્ટાચાર અંગેના કેસો.

(vi) એવા કેસો કે જેમાં ખુબ જ લાંબો સમય પછી ફરીયાદ કરવામાં આવી હોય દા.ત. એવા કેસોમાં કે જેમાં ત્રણથી વધારે મહીનાનો ડીલે(ઢીલ) થઇ હોય અને આ બાબતે ફરીયાદીએ કોઇ સંતોષકારક ખુલાસો આપેલ ન હોય, ઉપરોક્ત દ્રાષ્ટાંતો દાખલારૂપ છે અને તે આખરી કે અંતિમ નથી. પ્રાથમિક તપાસ માટે ઉપરોક્ત દ્રાષ્ટાંતો માત્ર દાખલારૂપ છે.

(vii) પોલીસ અધિકારીએ ફરીયાદી અને તહોમતદારોના આધિકારોનુ યોગ્ય રીતે રક્ષણ થાય તે બાબતો ધ્યાનમાં રાખીને આ રીતે નિશ્ચિત સમયમર્યાદામાં પ્રાથમિક તપાસ પુર્ણ કરવી જોઇએ અને આ તપાસ સાત દિવસની અંદર પુર્ણ થઇ જવી જોઇએ. આ કાર્યવાહીમાં મોડું થાય તો તેના કારણો જનરલ ડાયરીમાં એન્ટ્રી કરીને મુકવા જોઇએ.

(viii) પોલીસ સ્ટેશનોમાં/સ્ટેશન ડાયરી અને ડેઇલી ડાયરીઓમાં તમામ પ્રકારની માહીતી રાખવામાં આવે છે. તેથી, કોગ્નીઝેબલ ગુન્હા અંગે જે કોઇ માહીતી આવી હોય કે જે માહીતી આધારે ફરીયાદ નોંધાઇ હોય અથવા તો આવી માહીતીના આધારે અથવા આવી માહીતી અંગે પ્રાથમિક તપાસ કરી હોય

ત્યારે તેવી માહીતી ફરજીયાત પણે અક્ષરક્ષ: અને ચોક્કસાઇથી ઉપરોક્ત ડાયરીમાં નોંધવી જોઇએ અને પ્રાથમિક તપાસનો હુકમ પણ આવી ડાયરીઓમાં નોંધાયેલો હોવો જોઇએ.

(ix) નામદાર સુપ્રિમ કોર્ટના આદેશોનુ ચુસ્તપણે પાલન કરવુ તમામ પોલીસ સ્ટેશન અધિકારીઓની ફરજ છે. નામદાર સુપ્રિમ કોર્ટના ઉપરોક્ત આદેશના અર્થઘટન કરતી વખતે અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે નામદાર સુપ્રિમ કોર્ટનાં અંગ્રેજીમાં કરેલા આદેશોને સત્તાવાર ગણી તેવા કરેલા આદેશોને સર્વોપરી ગણવા અત્રેથી સુચના છે.

આ સ્થાયી હુકમ તમામ અધિકારીઓ, પોલીસ સ્ટેશનના તમામ અમલદારો તેમજ નીચેના તમામ માણસો સુધી પહોચે અને આ સ્થાયી હુકમની જાણ થાય તેની કાર્યવાહી સુપરવાઇઝરી અધિકારી દ્વારા ચોક્સાઇ પુર્વક કરાવવી અને ભવિષ્યમાં આ સ્થાયી હુકમની જાણ ન હતી, તેવા કારણોસર ફરીયાદ દાખલ નહી કરવામાં આવે તો આ અમલાવારીમાં નિષ્ક્રિયતા, નિષ્કાળજી અને બેદરકારી બાબતે સિનિયર અધિકારીઓ વિરૂધ્ધ નોંધ લેવામાં આવશે અને જરૂર પડયે સરકારશ્રીને રીપોર્ટ કરવાની ફરજ પડશે. તેની નોંધ લેવી.

બિડાણ : ઉપર મુજબ.

( પ્રમોદ કુમાર )
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

પ્રતિ,

- અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી.(ક્રાઇમ અને રેલ્વેઝ) ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશ્નરશ્રી,
- તમામ વિભાગીય વડાશ્રી,
- તમામ પોલીસ અધિક્ષકશ્રી(પશ્ચિમ રેલ્વે અમદાવાદ, વડોદરા સહીત)

નકલ સવિનય રવાના :

અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.

કોગ્નીઝેબલ ગુનાની FIRની નોંધણી કરવા
બાબત.

# ગુજરાત સરકાર

## ગૃહ વિભાગ

**પરિપત્ર ક્રમાંકઃવસફ/૧૦૨૦૧૫/૭૨૧૦/ડ**
**સચિવાલય, ગાંધીનગર**
**તારીખઃ૦૬/૦૨/૨૦૧૬**

**વંચાણે લીધાઃ**

૧. રીટ પીટીશન (ક્રિમી.) નં.૬૮/૨૦૦૮, લલીતાકુમારી વિરૂદ્ધ ઉત્તરપ્રદેશ સરકારના કિસ્સામાં નામ.સુપ્રિમકોર્ટે માગદર્શિકા સૂચવતો તા.૧૨/૧૧/૨૦૧૩થી આપેલ ચૂકાદો.
૨. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૧૬/૧૨/૨૦૧૩ના પત્ર ક્રમાંકઃજી-૧(ક્રાઇમ)/ટે-૧/યાદી/૩૫૦૫/૨૦૧૩

**પરિપત્રઃ**

પ્રસ્થાપિત કાયદાકીય જોગવાઇ મુજબ કોગ્નીઝેબલ ગુનાની એફ.આઇ.આર. ત્વરિત નોંધવા બાબતમાં આમુખઃ૧માં દર્શાવેલ લલીતાકુમારી વિરૂદ્ધ ઉત્તરપ્રદેશ સરકારના કિસ્સામાં દાખલ થયેલ રીટ પીટીશન (ક્રિમી.) નં.૬૮/૨૦૦૮માં નામ.સુપ્રિમકોર્ટની બંધારણીય બેંચ દ્વારા તા.૧૨/૧૧/૨૦૧૩થી યોગ્ય માર્ગદર્શક સૂચનાઓ આપતો સર્વગ્રાહી ચૂકાદો પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. પ્રસ્તુત ચૂકાદાની સૂચનાઓને ચૂસ્તપણે અનુસરવામાં આવે તે માટેની સ્થાયી સૂચના નં.૦૧/૨૦૧૩થી રાજ્યના પોલીસ વડા તરફથી આમુખઃ૨માં દર્શાવેલ પત્રથી સમગ્ર પોલીસ તંત્રમાં પરિપત્રિત કરવામાં આવેલ છે. જેનાથી સર્વે પોલીસ અધિકારીશ્રી સુમાહિતગાર હશે જ.

કોગ્નીઝેબલ જણાતા ગુનાની એફ.આઇ.આર.ની નોંધણી દરેક થાણામાં કોઇપણ પ્રકારના વિલંબ વિના ત્વરિત કરી, તેની યોગ્ય કક્ષાએ તપાસની સોંપણી સક્ષમ કક્ષાએથી થાય તે ઘણું જ જરૂરી છે. અને આ નોંધાયેલ ગુનાની તપાસ નિયત સમયાવધિમાં પૂર્ણ કરી કરવામાં આવેલ પોલીસ નિકાલની જાણ સંબંધિત ફરિયાદીને કરવામાં આવે તે માટે સર્વે પોલીસ અધિકારીએ ચૂસ્તપણે અમલવારી કરવાની રહેશે.

એફ.આઇ.આર.ની ત્વરિત નોંધણી કરવા બાબતમાં પ્રસ્તુત ચૂકાદામાં નામ.સુપ્રિમ કોર્ટે અમુક કિસ્સામાં અપવાદ પણ આપેલ છે. ઉદાહરણ સ્વરૂપે પ્રસ્તુત ચૂકાદામાં નિર્દિષ્ટ થયા મુજબના (૧) લગ્ન વિષયક બાબતોની તકરારો, કૌટુંબિક તકરારો, (૨) વેપાર અને વાણિજ્ય વિષય સંબંધિત બાબત, (૩) તબીબી દાકતરોની સેવામાં જણાયેલ બેદરકારી સંબંધિત કેસો તથા (૪) ભ્રષ્ટાચાર સંબંધિત કેસો તેમજ (૫) એવા કેસો કે જેમાં ઘટના બન્યાના લાંબા સમય બાદ એફ.આઇ.આર.ની નોંધણી ફરિયાદી તરફથી કરાવવામાં આવે તેવા સંજોગોમાં તથા અન્ય જરૂર જણાય તેવા કેસોમાં એફ.આઇ.આર.ની નોંધણી પૂર્વે કોગ્નીઝેબલ ગુનો બને છે કે કેમ, તે અંગેની જરૂર જણાયે યોગ્ય પ્રાથમિક તપાસ કરી શકાશે અને ત્યારબાદ આ પ્રાથમિક તપાસ વધુમાં વધુ

એક સપ્તાહમાં પૂર્ણ કરી યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. અને આ અંગેની કાર્યવાહીની **નોંધ સ્ટેશન** ડાયરીમાં થાણામાં ઇ.ચા. અધિકારીશ્રીએ અચૂક કરવાની રહેશે.

થાણામાં કોગ્નીઝેબલ ગુનાની એફ.આઇ.આર.ની નોંધણી અન્વયે નામ. સુપ્રિમ કોર્ટના ઉપરોક્ત ચૂકાદાનું પાલન ખરા અર્થમાં સંપૂર્ણપણે થાય એ જોવા સૂચના આપવામાં આવેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(ડૉ.જયશંકર ઓધવાણી)**
**સરકારના ઉપ સચિવ**
**ગૃહ વિભાગ**

પ્રતિ
માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અગ્ર રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી(ગૃહ)ના રહસ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ અને રેલ્વેઝ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી (કાયદો અને વ્યવસ્થા), ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
નિયામકશ્રી, ગુજરાત પોલીસ અકાદમી, કરાઇ, જિ.ગાંધીનગર.
સર્વે પોલીસ કમિશ્નરશ્રી.
સર્વે રેન્જ વડા.
સર્વે પોલીસ અધિક્ષકશ્રી, (પ.રેલવે સહિત).
સર્વે સંયુક્ત/નાયબ/ઉપ સચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
ગૃહ વિભાગના સર્વે ખાતાના વડા.
સર્વે શાખા અધિકારીશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ,
નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ,
શાખા સિલેક્ટ ફાઇલ